બાળકો અને નવયુવાનો માટે

# હાદી

માસિક

શાબાન, હીજરી સન ૧૪૩૨,
જુલાઈ - ૨૦૧૧

અંક 33



રૂા. 30/-




# અલ્-હલીમો

**અલ્લાહ તબારક-વ-તઆલાનાં મહાન ગુણો પૈકી એક ગુણ - જે નામ તરીકે પણ લખાય છે - તે અલ્-હલીમો છે.**

**મહત્વના અર્થ :**
(૧) એવો વ્યક્તિ કે જેઓ આજ્ઞાકારીઓની આજ્ઞાઓના ઉલ્લંઘનથી ક્રોધિત ન થાય અને તેનાથી તે ઉતાવળે ક્રોધિત પણ થાય નહીં. (૨) સહનશીલ

**આ નામ અંગેનું કુરઆનમાં દૃષ્ટાંત :**

**લા યુઆખેઝો કુમુલ્લાહો બિલ ગવેફી અયમાને કુમ.... વલ્લાહો ગફુરૂન હલીમ.**
(સૂરએ-બકરહ-૨૨૫)

**અનુવાદ :** અલ્લાહ તમને તમારી બે ધ્યાનપણામાં ખાધેલી સોગંદ (કસમ) માટે પકડશે નહીં, પરંતુ તમો જે કાંઈ સમજી વિચારીને કરો છો તે અંગે અવશ્ય જવાબ માંગવામાં આવશે અને અલ્લાહ મહાન ક્ષમા આપનાર અને સહનશીલ છે.

**માઅસૂમીન અ.સ.ની વાણી :-**

**અલ્લાહુમ્મા ઈન્ની અસ્અલોકા યા હલીમો ઝૂઅનાતે....**

**અનુવાદ :** હે માઅબૂદ ! હે સહનશીલ ! હે બખ્શિસ આપનાર ! હે પ્રેમાળ ! હું તારી સમક્ષ યાચના કરૂં છું કે મારા ગુનાહોને દરગુજર ફરમાવ અને મારી પાસે જે કાંઈ છે તે તારા થકી જ છે.

## આ નામની ખાસિયતો અને ફાયદાઓ :

(૧) "યા હલીમો"ને પઢતાં રહેવું તે બીકથી રક્ષણ મેળવવા માટે લાભદાયક છે.

(૨) જો કોઈ દર્દી પાસે એક વખત સૂરએ ફાતેહા અને ૧૧ વખત "યા હલીમો" પઢવામાં આવે તો દર્દી સાજો થઈ જશે.

(૩) જો કોઈ વ્યક્તિ દરરોજ ૮૮ વખત "યા હલીમો" પઢે તો તેની બૂરી ટેવો - ઘમંડ-ઈર્ષા-કંજુસાઈ દુર થઈ જશે.

(૪) જો કાગળ ઉપર "યા હલીમો" લખીને તે કાગળને ધોઈ લેવામાં આવે અને ખેતર વિગેરેમાં સિંચાઈના પાણી સાથે તે પાણીને ભેળવી દેવામાં આવે તો ઈન્શાઅલ્લાહ પાકમાં બરકત થશે.


E-mail : hadimasik@yahoo.com

શાબાન, હીજરી સન ૧૪૩૨,
જુલાઈ - ૨૦૧૧

## બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

વહાલા બાળકો ! અસ્સલામો અલયકુમ !

શાબાનનો મહીનો.... ખુશીઓનો મહીનો.... આપણી વચ્ચે આવી ગયો છે. આ માસમાં આપણા માટે સૌથી મોટી ખુશાલી શબેબરાતની છે. જાણો છો ! શબેબરાત આપણા માટે ખુશાલીની રાત્રી શા માટે છે ?

વહાલા બાળકો ! આ તારીખે આપણા મૌલા અને આકા હઝરત સાહિબુઝઝમાન મહદી અ.સ.નો પુણ્યશાળી જન્મ (વિલાદત બા સઆદત) થયો હતો. તેથી જ આ તારીખ આપણા માટે ઘણી મોટી ખુશાલીની તારીખ છે. અને હા બાળકો ! એ વાત પણ જાણી લો, શબેબરાત જે ખુશાલીની તારીખ છે તેનું એક કારણ એ પણ છે કે આપણા વહાલા રસૂલ સ.અ.વ.ને ખુદાવન્દે આલમે ઈસ્લામ અને મુસલમાનોના શત્રુઓ-કાફરોથી દુર રહેવાની સ્પષ્ટ જાહેરાત કરાવી દીધી હતી. અરબી ભાષામાં ‘‘બિરાઅત’’નો અર્થ થાય છે ‘‘દૂર રહેવું’’ અને વહાલા બાળકો ! એ પણ ભૂલતા નહીં કે આ માસની શરૂઆતના દિવસોમાં ૩જી શાબાનના દિવસે આપણા ત્રીજા ઈમામ-ઈમામ હુસૈન અ.સ. અને પાચંમી શાબાનના દિવસે મૌલા અબ્બાસ અ.સ. સક્કાએ સકીનાની પણ વિલાદતો થયેલી છે.

એટલે કે આ માસમાં મહત્વની ખુશાલી મનાવવાની તારીખો છે. આપણે આ તારીખોએ ખુબ ખુબ ખુશાલીઓ મનાવવી જોઈએ અને આપણા અઈમ્મા અ.સ. વિષે એકબીજાને જાણકારી આપવી જોઈએ અને એકબીજા પાસેથી જાણકારી મેળવવી જોઈએ. તેમના જીવન પ્રસંગો, તેમની વિદ્યા-જ્ઞાન અને મહાનતા અંગેના પુસ્તકો વાંચવા જોઈએ. મહેફિલો મનાવવી જોઈએ અને દુઆઓ કરવી જોઈએ. હા બાળકો ! ખુશાલીના દિવસે ખરા દિલથી કરેલી દુઆ કબુલ થાય જ છે .

તો મિત્રો - પોતાના માટે, પોતાના કુટુંબીજનો માટે, પોતાના મિત્રો માટે અને હા, આપના આ હાદી માસિક માટે પણ જરૂર જરૂર દુઆઓ કરજો.

વસ્સલામ

વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

بسم الله الرحمن الرحيم

ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત
અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ

મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી
સાહેબની યાદમાં

ધર્મ પ્રચારક-પ્રખર વિદ્વાન-કૌમના સંનિષ્ઠ સેવક :
આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા
મુદ્દઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી :
સૈયદ મોહમ્મદ રઝા ગરવી

કાર્યવાહક તંત્રી :
સૈયદ મોહમ્મદ અખ્તર

સહાયકો :
અહમદ રઝા ઝુરારહ
તાલીમરઝા અજમેરી
એહસાનઅલી રીઝવી

અનુવાદક :
સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી
આઈ.એ.એસ. (નિવૃત્ત)

શુષોભન :
(Skype Graphics) સાજીદ પંજ
9898013082
E-mail : sajidpanj@yahoo.in

વિગતો માટે સંપર્ક :
યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :
અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા
Mukhtar Abbas Vasaya
91, Longthrnton Road, LONDON, SW 16 5QF
Tel. : 0044 - 2082866198 Mo.: 00447828958746
E-mail : movasaya@hotmail.com

ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :
હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)
ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦
ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨, ૯૭૨૪૭૩૭૮૬૫
E-mail : hadimasik@yahoo.com
Website : www.hadikids.org



# કુરઆનની જાણકારી

પ્રશ્ન : શું કુરઆનનાં બધા જ સૂરાઓના એક જ નામો છે ?

જવાબ : ના-પરંતુ કેટલાક એવા સૂરાઓ પણ છે જેમના એક કરતાં વધુ નામો છે,

દા. ત.

| સૂરાનો અનુક્રમ | અસલ નામ | અન્ય નામ / નામો |
|---|---|---|
| ૧ | હમ્દ | ફાતેહા – સબ્એ મસાની, શિફાઅ – ઉમ્મુલ કિતાબ, શાફિયા – વાફિયા, કાફયા – અસાસ |
| ૯૬ | અલક | ઈકરા |
| ૮૧ | તકવીર | કુવ્વૈરત |
| ૧૦૭ | માઉન | અરાયતા – અદ્દીન |
| ૧૦૫ | ફીલ | અલમતરા કયફા |
| ૮૦ | અબસ | સફરતુલ – આઅમા |
| ૯૧ | શમ્સ | નાકાહ – સાલેહ |
| ૧૦૪ | હુમઝા | લોઅઝા |
| ૫૦ | કાફ | બાસેકાત |
| ૭ | અઅરાફ | અલિફ – લામ – મીમ – સાદ |
| ૧૭ | અસરાઅ | બની ઈસરાઈલ |



E-mail : hadimasik@yahoo.com

| | | |
|---|---|---|
| ૩૯ | ઝુમુર | ગરફ |
| ૪૧ | ફુસ્સૈલત | હા – મીમ – સજદાહ – મસાબીહ |
| ૪૫ | જાસિયાહ | શરીઆહ |
| ૩૨ | સજદાહ | માસાજેઅ – લુકમાન – જઝર અલમતનઝલ |
| ૭૦ | મઆરિજ | સઅલા સાએલુન |
| ૮૨ | ઈન્ફિતાર | અનફતરત |
| ૨ | બકરાહ | ફિસ્તાતુલ કુરઆન |
| ૯૯ | ઝિલઝાલ | ઝલઝલાહ |
| ૭૬ | દહર | ઈન્સાન – હલઅતા – અબરાર |
| ૯૮ | બય્યેનાહ | બરિયાહ – લમયકુન – કયામત |
| ૬૬ | તહરીમ | યા અય્યોહન્નબી |
| ૫ | માએદાહ | અકુદ – મુન્કઝહ |
| ૧૦૭ | કવસર | ઈન્ના આઅતયના – ફાતેમા |
| ૧૧૩/૧૧૪ | નાસ-ફલક | મઊઝતૈન |
| ૬૮ | કલમ | નુન |
| ૧૧૧ | લહબ | અબીલહબ– મસદ – તબ્બત |
| ૯૪ | અલમનશરહ | ઈનશિરાહ–શરહ |
| ૧૦૯ | કાફેરૂન | જહદ |
| ૧૧૨ | ઈખ્લાસ | તવહીદ – સમદ – નિસ્બતુર્રબ |
| ૯૭ | કદર | ઈન્ના અન્ઝલના |
| ૧૦૬ | કુરૈશ | ઈલાફ |
| ૭૭ | મુર્સલાત | અરફ |
| ૫૪ | કમર | ઈકતર બતિસ્સાઅતો |

| | | |
|---|---|---|
| ૩૫ | ફાતેર | મલાએકા |
| ૧૨ | યુસુફ | આહસનુલ કસસ |
| ૪૦ | મોમિન | ઈન્સાન – ગાફિર – તોવલ |
| ૪૨ | શૂરા | હા – મીમ – અયન – સીન – કાફ |
| ૧૬ | નહલ | નઅમ |
| ૬૭ | મલક | મુન્જિયાહ – વાકેયાહ – તબારક |
| ૭૮ | નબા | અમ – તસાઉલ – મોઅસેરાત |
| ૮૩ | મુત્ફફેફીન | તત્ફીફ |
| ૬૦ | મુમ્તહેના | ઈમ્તિહાન – મોઅદ્દત |
| ૪૭ | મુહમ્મદ | કિતાલ |
| ૬૫ | તલાક | નિસાઉલ કુસરા |
| ૫૮ | મુજાદેલા | ઝિહાર |
| ૬૧ | સફ | હવારીન – ઈસા |
| ૯ | તૌબાહ | ફાઝેહા – મીન્કરહ – બહુસ – બિરાત – હાફેરાહ |
| ૧૧૦ | નસ્ર | તવદીઅ |

નોંધ : વહાલા બાળકો અને પ્રિય નવયુવાનોને આથી વિનંતી કરવામાં આવે છે કે કુરઆનની જાણકારી મેળવવા બાબતે આપના મનમાં કોઈ પ્રશ્ન હોય તો તરત જ અમને જણાવો અથવા લખી મોકલો - અમે આગામી અંકોમાં આપના નામ સાથે આપનો પ્રશ્ન અને અમારો જવાબ પ્રસિદ્ધ કરીશું.





# બધા બાળકો દુઆ કરે

એક બાળકની વાણીમાં :

ઈમામ ઝમાન અ.સ. ની સેવામાં સલામ અરજ કરૂં છું અને આશા રાખું છું કે આપ અ.સ. સલામતીથી હશો અને પ્રસન્ન હશો. મૌલા, જ્યારથી હું સમજણી થઈ છું ત્યારથી મંગળવારે આપની નમાઝ પઢું છું અને આપના માટે સલવાત મોકલું છું.

હે ઝમાનાના ઈમામ ! હું આપને જોઈ નથી શકતી તેથી ઘણી જ દુઃખી રહું છું.

જ્યારે જેની કોઈ દવા ન હોય તેવી બીમાર વ્યક્તિઓને જોઉં છું ત્યારે હંમેશા કહું છું "હે આકા ! આ લોકો રોગમુક્ત થઈ જાય તે માટે ખુદાવન્દે આલમ પાસે દુઆ કરો."

અમને આ જગતમાં આપના ઝહૂરની તમન્ના ખુબ જ તડપાવે છે. મૌલા ! મારી માતા જ્યારે અમારા માટે સદકો કાઢે છે ત્યારે હંમેશા કહે છે, હે ખુદા ! આ સદકો પહેલાં ઈમામે ઝમાના અ.સ. માટે છે, પછી મારા બાળકો માટે.

હે અમારા આકા અને મૌલા ! આપના દીદારની આશામાં અને આશામાં કેટલાયે જુમ્આના દિવસો પસાર થઈ ગયા પરંતુ આપના ઝહૂરના કોઈ સમાચાર નથી. અમારી પાસે તો ફક્ત દુઆ છે.

મૌલા ! જ્યારે કોઈ ઝાઈર ખુદાના ઘરની ઝિયારત કરીને પરત આવે છે તો હું તેની પાસે જઈને આપના વિષે પ્રશ્ન કરૂં છું. પરંતુ હંમેશા નિરાશા સાથે જ પાછી ફરૂં છું.

આકા ! અમે મોહફિલોમાં - મજલિસોમાં આપની સલામતી માટે સલવાત મોકલીએ છીએ.

આકા ! જેવી રીતે અમારા મનમાં આપની પ્રતિક્ષા છે તેવી રીતે આપ પણ અમારા ઉપર કૃપા દૃષ્ટિ ફરમાવશો. જેથી કરીને અમે આપની સાથે વાતો કરીએ.

આજે મારા મન ઉપરનો ભાર હળવો થઈ ગયો, આજે રાત્રે હું પ્રસન્ન ચિત્તે સૂઈ જઈશ.

હું અને અમે સઘળા બાળકો દુઆ કરીએ છીએ કે આપ જલ્દીથી ઝહૂર ફરમાવો.

આમીન, યા રબ્બુલ આલમીન.






# મુહમ્મદ સ.અ.વ.ની વાણીમાં

# ઈમામ મહદી – અજ.

ઈમામે ઝમાના હઝરત ઈમામ મહદી અ.સ. ઈસ્મતે મોહમ્મદીયાના સિલસિલાની ચઉદમી અને અલવી ઈમામતની સાંકળની બારમી કડી છે. આપના મહાન પિતા હઝરત ઈમામ હસન અસ્કરી અ.સ. અને મહાન માતા નરજિસ ખાતૂન હતા.

આપ પોતાના વડવાઓ (બાપ-દાદા)ની જેમ મનસૂસ ઈમામ - માઅસૂમ - અઅલમે ઝમાના - કાએનાતમાં સર્વશ્રેષ્ઠ છે. અને આપ બાળપણથી જ જ્ઞાન અને વિદ્યા ચાતુર્યથી સર્વગુણ સંપન્ન હતા. (સવાએકે-મોહર્રેકા-૨૪૧)

આપને બાળપણથી જ વિદ્યા અને જ્ઞાન આપી દેવામાં આવ્યું હતું, જેવી રીતે હઝરત યાહયાને મળ્યું હતું અને આપને માતાના ઉદરમાં જ ઈમામ બનાવી દેવામાં આવ્યા હતા, જેવી રીતે હઝરત ઈસા અ.સ.ને નબી બનાવી દેવામાં આવ્યા હતા. (કશ્કુલ-ગમ્મા-પા ૧૩૦)

આપ નબીયોથી ઉત્તમ હતા (અસઆફર-રાગેબીન-પા. ૧૨૮)



આપના વિષે હઝરત રસૂલે કરીમ સ.અ.વ.એ અસંખ્ય ભવિષ્યવાણીઓ ફરમાવી છે અને એ હકીકતની સ્પષ્ટતા કરી છે કે આપ હુઝુર સ.અ.વ.ની ઈતરત અને હઝરત ફાતેમતુઝઝહરા સલા.ના વંશમાંથી હશે. (જામેબસગીર-સિયુતી પા ૧૪૦-ઈજિપ્તનું પ્રકાશન - અને ઇજિપ્તમાંથી પ્રકાશિત થયેલ મસનદ અહમદ-બિન-હંબલ-ભા-૧ પા. ૮૪)

આપ સ.અ.વ.એ એવું પણ ફરમાવ્યું છે કે ઈમામ મહદીનું ઝુહુર અંતિમ યુગમાં થશે અને હઝરત ઈસા આપની પાછળ નમાઝ પઢશે. (જુઓ સહીહ બુખારી - પા ૩૯૯ - સહીહ મુસ્લિમ ભાગ - ૨ - પા. ૯૦)

આપ સ.અ.વ.એ એવું પણ કહ્યું છે કે ઈમામ મહદી મારા ખલીફાની રૂએ ઝહુર કરશે અને જેવી રીતે મારા થકી ઈસ્લામ ધર્મનો આરંભ થયો હતો તેવી જ રીતે આપના થકી (તેના ઉપર) પૂર્ણતાની મહોર મારી દેવામાં આવશે (કનૂઝુલ હકાઈક - પા. ૨૦૯)

આપ સ.અ.વ. એ એવી પણ સ્પષ્ટતા ફરમાવી છે કે ઈમામ મહદીનું મુળ નામ મારા નામની જેમ મુહમ્મદ અને તેમની કુનીયત મારી કુનીયતની જેમ અબુલ કાસિમ હશે. અને તેઓ જ્યારે ઝહુર કરશે ત્યારે સારી દુન્યાને ન્યાય અને ઈન્સાફથી એવી રીતે ભરી દેશે જેવી રીતે તે સમયે જુલ્મ અને અત્યાચારથી ભરેલી હશે (જામેઅ -સગીર પા. ૧૦૪ - મુસ્તદરક - ઈમામ હાકિમ - પા. ૪૨૨ અને ૪૧૫)

(આપના) ઝહુર પછી તરત જ આપની બયઅત કરવી જોઈએ કેમકે તેઓ (પૃથ્વી ઉપર) ખુદાના ખલીફા હશે (સુનને ઈબ્ને માજા-ઉર્દુ-પા. ૨૬૧)





# સચ્ચાઈનું ઈનામ

(ગયા અંકથી ચાલુ)

"સમ્રાટ ! હું લુંટાઈ ગયો, સમ્રાટ ! મારી સ્વર્ગસ્થ માતાની નિશાની - મારો ખજાનો ડમ્પી અને રમ્પી ચકલીઓ ચોરીને લઈ ગઈ છે."

પક્ષીનગરનો રાજા શાહમૃગ પોતાના દરબારમાં બેઠો હતો અને બીજા પક્ષીઓ માથુ નમાવીને ઉભા હતા, રાજા શાહમૃગે ચલ્લુ કાગડાને બધી વિગતો જણાવવા કહ્યું.

"મહારાજ ! મેં મારો ખજાનો વડના ઝાડના થડ પાસે દાટી દીધો હતો, જે કાળા રંગના કાપડમાં બાંધેલો હતો અને તે બંને બેનો સિવાય બીજા કોઈને ખબર જ નહોતી કે અહીંયા ખજાનો દાટેલો છે." કાગડાએ રડતા રડતાં કહ્યું.

રાજા શાહમૃગએ બંને ચકલીઓને દરબારમાં લઈ આવવા આજ્ઞા કરી. થોડીવારમાં જ  કબૂતરોનું સૈન્ય બંને ચકલીઓને પકડી લાવ્યું અને સાથે ખજાનો પણ - જેને રાજા શાહમૃગ સમક્ષ રજુ કરવામાં આવ્યો. શાહમૃગ ખજાનાનું નિરીક્ષણ કરવા લાગ્યો. જે કાળા કાપડમાં બાંધેલો હતો. અને કાપડ એક જગ્યાએથી જરાક ફાટી પણ ગયું હતું. તેથી થોડીક માટી પણ ખજાનામાં ચાલી ગઈ હતી.

"મહારાજ ! આજ મારો ખજાનો છે. મારી સ્વર્ગસ્થ માંની નિશાની !" કાગડો ખજાનાને જોઈને કહેવા લાગ્યો.



ખજાનાનું નિરીક્ષણ કર્યા પછી શાહમૃગે ચકલીઓને જોઈને કહ્યું "તમે આ ખજાનો ક્યાંથી ચોર્યો છે ?" ચકલીઓ તો બીકથી થર થર ધ્રુજતી હતી. ડમ્પી ચકલીએ તરતજ જવાબ આપ્યો. "અમે ચોર્યો નથી. અમને તો આ વડના ઝાડથી થોડેક દૂર આવેલ સફેદાના વૃક્ષ નીચેથી મળ્યો છે. આ ખજાનો ચલ્લુ કાગડાનો હોય તો મહારાજ તેને આપી દો !!"

રાજા શાહમૃગ બંને પક્ષકારોને જુદા જુદા પ્રશ્નો પુછતો રહ્યો, તેણે કહ્યું, હા, તો ચલ્લુભાઈ ! તમે તો પોતાનો ખજાનો વડના ઝાડ નીચે સંતાડ્યો હતો ને ?

"હા-હા એ-એ મહારાજ ! પાંચ-છ વર્ષ વીતી ગયાં છે, હું કાંઈક ભૂલી ગયો હતો. પરંતુ હવે તો ખુબજ નિશ્ચિતતાથી કહું છું કે મેં ખજાનો સફેદાના વૃક્ષની નીચે જ સંતાડ્યો હતો." કાગડાએ અચકાતાં અચકાતા કહ્યું.

પુછપરછ પછી ફેંસલો સંભળાવવાની ઘડી આવી ગઈ. ચકલીઓ ચિંતા મગ્ન થઈ ગઈ હતી. જ્યારે કાગડાની આંખો આશાથી ચમકી રહી હતી કે ફેંસલો તેની તરફેણમાં જ થશે કેમકે તમામ દલીલો તેના દાવાને સમર્થન આપે છે. રાજા શાહમૃગે ગંભીર સાદે ફેંસલો સંભળાવ્યો "બંને પક્ષોના જવાબો ઉપરથી હું એ મત ઉપર આવ્યો છું કે, આ ખજાનો ન તો ચકલીઓનો છે કે ન તો કાગડાભાઈનો !"

"આ કેવી રીતે શક્ય બને ! આ તો અન્યાય છે ! મેં બધીજ નિશાનીઓ બતાવી હતી." કાગડાએ ઉછળીને કહ્યું.



(વધુ આવતા અંકે)

# હસો અને હસાવો



(ટૂચકા)

સાહેબ : આમીર, બોલ તો ગરમી ના હોત તો શું થાત !

આમીર : તો છે ને સાહેબ, ઉનાળાની રજાઓ પડી જ ના હોત.

કાસિમ રિક્ષાનું એક પૈડું કાઢવામાં વ્યસ્ત હતો, તેને જોઈને આમીરે પૂછ્યું, 'તું આ શું કરે છે ?'

કાસિમ : બોર્ડ નથી દેખાતું ? માત્ર ટુ વ્હીલર માટે જ પાર્કિંગની વ્યવસ્થા છે.

ગ્રાહક હોટલમાં : તમે સ્વચ્છતાની બહુ કાળજી લેતા લાગો છો ?

મેનેજર : હા, પણ તમને કેવી રીતે ખબર ?

ગ્રાહક : દરેક વાસણમાં સાબુની ગંધ આવે છે.

ટીચર : પૃથ્વી ગોળ છે એના ત્રણ કારણ કયા ?

આમીર : મારા પપ્પા કહે છે, મમ્મી કહે છે અને
તમે પણ કહો છો કે પૃથ્વી ગોળ છે.



શિક્ષક : સમીરા, તેં નજમાને ખુરશી કેમ મારી ?

સમીરા : સાહેબ, એ તો મારાથી ટેબલ ન ઊંચકાયું એટલે ખુરશી મારી દીધી.

# દિકરીઓ પ્રત્યેની મા-બાપની જવાબદારીઓ

(૧) દીકરીઓ આગળ વધે અને પ્રગતિ કરે તે માટેની વ્યવસ્થા ગોઠવવી.

(૨) દીકરીઓ પ્રત્યે મહેરબાની સભર અને ધૈર્યપૂર્ણ વર્તાવ રાખો, કારણ વગર ક્રોધિત થવાથી બચતા રહો અને શક્ય હોય તેટલાં પ્રમાણમાં તેમની ભૂલોને ક્ષમા કરતા રહો.

(૩) દીકરાઓ અને દીકરીઓ વચ્ચે કોઈ ભેદભાવ ન રાખો અને તેમની સાથે સમાન રીતે વર્તો.

(૪) તેમની જરૂરીયાતો અને મુશ્કેલીઓની કાળજી લેતાં રહો અને પરિપૂર્ણ કરતા રહો.

(૫) પોતાના માર્ગદર્શન અને શીખામણ વડે અને સ્વ આચરણ વડે પોતાની જાતને તેમના માટે એક આદર્શ નમૂનો બનાવો, તેમને કોઈ કામ ચીંધવામાં આવે અને તેમને કોઈ કાર્યથી રોકવામાં આવે તેમાં બળજબરી ન કરો. મોટેથી બોલીને અને ધમકાવીને કોઈ વાત કહેશો નહીં.

(૬) માં-બાપ માટે જરૂરી છે કે પોતાની દીકરીઓ વિશે હંમેશા ભલું ઈચ્છે અને ખરા હૃદયપૂર્વક તેમના વિશે કોઈ નિર્ણય લે.

(૭) દીકરીઓ માં-બાપ પાસે ખુદાની થાપણ રૂપે હોય છે. તેથી માં-બાપ માટે જરૂરી છે કે તેમનું દરેક રીતે રક્ષણ કરે અને તેમના માટે લાભદાયક અને યોગ્ય હોય તેવા કાર્યો જ કરે.

(૮) દીની શિક્ષણ સાથે શ્રેષ્ઠ ઈસ્લામી શિક્ષણ અને નૈતિકતાથી તેમને શણગારતા રહે.





# ઈમામ હુસૈન અ.સ.ના પવિત્ર પ્રકાશનું પ્રાગટ્ય

**નામ અને વંશ :-** તૌરાતમાં ઈમામ હુસૈન અ.સ. નું નામ "શબ્બીર" અને ઈન્જીલમાં "તાબ" તરીકે ઉલ્લેખાયેલ છે.

અને આપ અ.સ.ની કુનીયત અબૂઅબ્દુલ્લાહ અને લકબો સિબ્ત - સિબ્તેસાની - સૈયદ - સૈયદેશબાબે અહલે જન્નાહ - રશીદ - તૈયબા - વફી - મુબારક ઝકી છે.

ઈમામ હુસૈન અ.સ. અમીરૂલ મોઅમેનીન હઝરત અલી ઈબ્ને અલી તાલિબ અ.સ. અને હઝરત ફાતેમા ઝહરા સલા.ની બીજી ઔલાદ અને પયગમ્બરે અકરમ સ.અ.વ.ના લાડકા દોહિત્ર (નવાસા) હતાં.

હદીસો અને રિવાયતોમાં આવ્યું છે તે પ્રમાણે ઈમામ હુસૈન અ.સ.ની વિલાદત અને ઈસ્લામના શત્રુઓના હાથે મઝલૂમ રીતે આપની શહાદત વિશે આપ અ.સ.ની વિલાદત પહેલા જ જિબ્રઈલ અમીને મહાન પયગમ્બર સ.અ.વ.ને ભવિષ્યવાણી કરી હતી. આ બાબત અંગેની કેટલીક હદીસોનું વર્ણન જોઈ લઈએ.

ઈમામ જાઅફરે સાદિક અ.સ. એ ફરમાવ્યું છે કે "જિબ્રઈલ અમીન રસૂલે ખુદા સ.અ.વ. પાસે આવ્યા, અરજ કરી કે "હે મોહમ્મદ સ.અ.વ., પવિત્ર ખુદાએ આપની સુપુત્રી ફાતેમા સલા. થકી એક પુત્રની ખુશખબરી આપી છે. પરંતુ એમને આપની ઉમ્મત શહીદ કરી નાંખશે."

પયગમ્બર સ.અ.વ.એ ફરમાવ્યું કે હે જિબ્રઈલ ! મારા સલામ પરવરદિગારને



E-mail : hadimasik@yahoo.com



પહોંચાડો અને કહો કે મારે એવી અવલાદ નથી જોઈતી જેને મારી ઉમ્મત શહીદ કરી નાંખે.

જિબ્રઈલ અમીન આકાશમાંથી ફરી આવ્યાં અને ફરી તે જ સંદેશો પહોંચાડ્યો. પયગમ્બરે અકરમ સ.અ.વ. એ પણ ફરી એજ જવાબ દોહરાવ્યો અને એવા બાળકને સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો જેને મુસલમાનો જ શહીદ કરી નાંખે.

જિબ્રઈલ અમીન ત્રીજી વખત પરત આવ્યા અને કહ્યુ કે હે મોહમ્મદ સ.અ.વ. ! પરવરદિગારે આલમે સલામ કહ્યા છે અને આપને એ મહાન બાબતના ખુશખબર આપ્યાં છે કે ઈમામત અને વિલાયતને આપના આ વંશમાંજ પ્રસ્થાપિત કર્યા છે. પયગમ્બર સ.અ.વ.એ આ સંદેશો સાંભળ્યો. અને તે પછી કહ્યું : મેં આ સ્વીકાર્યું અને તે બાબતે સંમત થઈ ગયા. તે પછી પયગમ્બર સ.અ.વ. એ પોતાના વહાલા સુપુત્રી ફાતેમા ઝહરા સલા. ને ઈલાહી સંદેશો સંભળાવ્યો. ફાતેમા સલા. એ અત્યંત વિવેકથી જવાબ આપ્યો, હે મારા વહાલા પિતા ! મારે એવો બાળક નથી જોઈતો જે આપની ઉમ્મતને હાથે જ માર્યો જાય.

પયગમ્બર સ.અ.વ. એ ફાતેમા સલા. ને એ ઈલાહી ખુશખબરનો સંદેશો સંભળાવ્યો અને કહ્યું હે મારી વહાલી દીકરી ! પવિત્ર ખુદાએ મારી વિલાયત અને ઈમામતને મારા આ દોહિત્ર (નવાસા)ના વંશમાં રાખી છે.

ફાતેમા ઝહરા સલા. એ આ ઈલાહી ખુશખબર સાંભળીને કહ્યું, હે બાબા ! હું તે મુબારક બાળકની વિલાદતનો સ્વીકાર કરૂં છું.

અને તેથી જ પયગમ્બરે અકરમ સ.અ.વ., ફાતેમા ઝહરા સલા., અલીયે મુર્તઝા અ.સ., જિબ્રઈલ અમીન અને અલ્લાહના ફરિશ્તાઓ એ મુબારક બાળકના આગમનનો ખુબ જ અધિરાઈથી ઈંતેજાર કરવા લાગ્યા અને છેવટે એ ક્ષણ આવી પહોંચી જ્યારે ૩જી શાઅબાનુલ મોઅઝ્ઝમના દિવસે હઝરત ફાતેમા ઝહરા સલા. ના ખોળામાં એ નવજાત શિશુ આવી ગયો જેનો બધા અધિરાઈપૂર્વક ઈંતેજાર કરતાં હતા.



# હિલોળા લેતું પક્ષી

## ( INDIAN ROLLER )

તમે રંગબેરંગી, સુંદર પક્ષી જોયું છે ? તે આકાશમાં ઊંચે ઊડે એ વખતે જાણે હિલોળા મારતું હોય એવું લાગે. એ પક્ષીનું નામ છે 'ઈન્ડિયન રોલર'. અવનવા રંગોને કારણે રંગીલું દેખાતું ઈન્ડિયન રોલર ખુશખુશાલ હોય ત્યારે પોતાના કંઠથી આનંદ વ્યક્ત કરે છે....

મોરપીછ રંગનું ઇન્ડિયન રોલર ખૂબ જ સુંદર પક્ષી છે. તે ઝાડ ઉપર બેસે એના કરતા ઉડે ત્યારે જોવાની સૌથી વધુ મજા આવે છે. કારણ કે તે જ્યારે ઉડતું હોય ત્યારે જાણે દરિયો હિલોળા લેતો હોય અને આકાશમાં જાણે મેઘધનુષ્ય ખીલી ઊઠ્યું હોય એવું લાગે છે.

### ક્યાં જોવા મળે છે ?

તે રોલર પ્રજાતિનું સભ્ય છે. મોટા ભાગે દક્ષિણ ભારત અને પશ્ચિમ ભારતમાં, હિમાલયની ઊંચી ટેકરી ઉપર જોવા મળે છે. આ સિવાય પણ રાષ્ટ્રીય ઉદ્યાન, સુલતાનપુર બર્ડ સેન્કચ્યુરી, રાજાજી નેશનલ પાર્ક, નાગરહોલ નેશનલ પાર્ક, મુથંગા વાઈલ્ડલાઈફ સેન્કચ્યુરી તેમજ ભારતના મધ્યપ્રદેશમાં કાન્હા નેશનલ પાર્કમાં તેની સંખ્યા છે.



**દેખાવ :** ઠીંગણું અને મજબૂત બાંધાનું આ પક્ષી Blue Jay ના નામથી પણ જાણીતું છે. તેની આંખ અને ચાંચ કાળી, માથું મોટું અને ગળું ટૂંકુ હોય છે. કલગી, નીચેની પાંખ અને પૂંછડી મોરપીછ, ગળું અને ઉપરનો ભાગ પર્પલ તેમજ પાછળનો અને પેટનો ભાગ ગ્રે કલરનો હોય છે. આટલા બધા રંગો ધરાવતું હોવાથી જ તે સૌના મન મોહી લેતું આકર્ષક પક્ષી છે.


E-mail : hadimasik@yahoo.com



**લંબાઈ : ૩૩ સે.મી. વજન : ૮૦ થી ૧૦૦ ગ્રામ**

**તેને ગમે :** ગીચ વન કરતાં છૂટા છવાયા પ્રદેશમાં રહેવું ઈન્ડિયન રોલરને સૌથી વધુ ગમે છે. ઉપરાંત બાગબગીચા, ખુલ્લા મેદાનો તથા ખેતર તેની પસંદગીના સ્થળ છે.

**શિકાર કરવાની રીત :** ઈન્ડિયન રોલર શિકાર કરતી વખતે પહેલાં તો સ્થિર બેસી રહે છે. વચ્ચે વચ્ચે માત્ર તેની પૂંછડી હલાવે છે અને પછી અચાનક ઝાપટ મારે છે.

**ભાવતું ભોજન :** તે સર્વભક્ષી છે. તેને ભોજનમાં દેડકા સૌથી વધારે ભાવે છે. ઉપરાંત પતંગીયા, તીતીઘોડા અને નાનકડા જીવજંતુને પણ પ્રેમથી આરોગે છે.

**આયુષ્ય : ૧૭ વર્ષ સુધી જીવી શકે છે.**

**ફાસ્ટ ફેક્ટ :**

- ભારતના કર્ણાટક રાજ્યમાં ઈન્ડિયન રોલર શુકનવંતુ ગણાય છે.
- ઈન્ડિયન રોલરની અન્ય પ્રજાતિમાં યુરોપિયન રોલર અને ડોલર બર્ડ છે.
- નર અને માદા લગભગ એક સમાન હોય છે.
- ઉડતી વખતે તે ચારે બાજુની જમીન જોઈ શકે છે.
- તે ચારથી પાંચ ઈંડા આપે છે. સૌથી નવાઈની વાત એ છે કે બીજા પક્ષીઓની જેમ તે ફરીથી નવો માળો નથી બાંધતું પણ જૂનો માળો ફરીથી ઉપયોગમાં લે છે.







# સારે આલમકી વફા
# હઝરતે અબ્બાસ અ.સ. મેં હૈ

(સમગ્ર જગતની વફાદારી હઝરત અબ્બાસમાં સમાયેલી છે)

**નામ :** અબ્બાસ ઈબ્ને અલી અ.સ.

**વિલાદતની તારીખ :** ૪ શાઅબાન, ૨૬ હિજરી

**લકબો :** અફઝલુશશોહદા - બાબુલ હવાઈજ - કમરે બની હાશિમ - શહેનશાહે વફા - અલમદાર - ગાઝી - સક્કાએ સકીના

**કુનીયત :** અબુલ ફઝલ

**તારીખે વફાત :** ૧૦ મોર્હરમ - ૬૧ હિજરી

હઝરત અબ્બાસ અ.સ. ઈમામ અલી અ.સ.ના સુપુત્ર હતા. આપની માતાનું નામ "ઉમ્મુલ બનીન" હતું અને તેઓ અરબોના એક શુરવીર વંશમાંથી હતા. હઝરત અબ્બાસ અ.સ. પોતાની શુરવીરતા અને બહાદુરીના કારણે ઘણાં પ્રખ્યાત છે. પોતાના ભાઈ હઝરત ઈમામ હુસૈન અ.સ. સાથેની તેમની વફાદારી



E-mail : hadimasik@yahoo.com

કરબલાના પ્રસંગ પછી અતિ ઉલ્લેખનીય થઈ ગઈ છે અને આપ "વફાના સમ્રાટ શહેનશાહે વફા" તરીકે પ્રખ્યાત થઈ ગયા છે.

**આપનો પવિત્ર જન્મ :** હઝરત અબ્બાસ અ.સ. ૪ શાઅબાનુલ મોઅઝઝમ-૨૬ હિજરીના દિવસે જન્મયાં હતાં. જ્યાં સુધી તેમના ભાઈ ઈમામ હુસૈન અ.સ.એ આવીને તેમને તેડી લીધાં નહોતાં ત્યાં સુધી આપે પોતાની આંખો ઉઘાડી નહોતી. બાળપણથી જ આપને પોતાના ભાઈ ઈમામ હુસૈન અ.સ. સાથે ઘણો પ્રેમ હતો. હઝરત અલી અ.સ.એ આ મહાન બાળકનું નામ અબ્બાસ રાખ્યું હતું.

**આપનું પ્રારંભિક જીવન :** હઝરત અલી અ.સ.એ આપના શિક્ષણ અને ઉછેર પ્રત્યે ખાસ કાળજી લીધી હતી અને તેથી આપે ૧૪ વરસની ઉંમરે જ હઝરત અલી અ.સ. પાસેથી ઈસ્લામની વિદ્યાઓ અને અન્ય વિદ્યાઓમાં સંપૂર્ણતા મેળવી લીધી હતી. આપે પોતાના મહાન પિતા પાસેથી યુધ્ધ કૌશલ્ય - સૈનિક વિદ્યાઓ અને ગૂઢ રહસ્યોમાં નિપૂણતા મેળવી લીધી હતી અને ૧૪ વરસની નાની વયે આપ "સાનીયે હૈદર" (બીજા હૈદર) તરીકે પ્રખ્યાત થઈ ગયા હતા. હઝરત અબ્બાસ અ.સ. બાળકોની સારસંભાળ - તલવારબાજી - મુનાજાત અને ઈબાદત પ્રત્યે ખાસ





રસ ધરાવતાં હતા અને આપનું શિક્ષણ અને ઉછેર ખાસ કરબલા માટે થયો હતો. આમ જનતાની સારસંભાળ અને તેમની પ્રગતિ અને ભલાઈ માટે આપ ખાસ કરીને પ્રખ્યાત હતા. તેથી જ આપને “બાબુલ હવાઈજ”નો લકબ મળ્યો હતો.

હઝરત અબ્બાસ અ.સ.ની સર્વશ્રેષ્ઠ ખાસિયતો નિઃસ્વાર્થ ત્યાગ અને બલિદાન છે. તેઓ પોતાના ભાઈ ઈમામ હુસૈન અ.સ.ના ચાહક અને પ્રશંસક હતા અને અત્યંત મુશ્કેલ પરિસ્થિતિમાં પણ તેમણે પોતાના ભાઈ ઈમામ હુસૈન અ.સ.નો સાથ છોડ્યો ન હોતો અને તેથી “વફા” શબ્દ આપના નામ સાથે સંકળાઈ ગયો છે અને તેથી જ આપનો એક લકબ “શહેનશાહે વફા” થઈ ગયો છે.

## કરબલાનો પ્રસંગ અને હઝરત અબ્બાસ અ.સ.

કરબલાના પ્રસંગ વખતે હઝરત અબ્બાસ અ.સ.ની વય લગભગ ૩૩ વરસ હતી. ઈમામ હુસૈન અ.સ.એ આપને “લશ્કરે હક”ના અલમદાર બનાવ્યાં હતા અને આપે કરબલામાં એવું તો કાર્ય કરી બતાવ્યું કે માઅસૂમ ઈમામ જાઅફરે સાદિક અ.સ. હઝરત અબ્બાસ અ.સ. ની મહાનતાનું વર્ણન કરતાં ફરમાવે છે કે “મારા કાકા અબ્બાસ સંપૂર્ણ પ્રતિભાશાળી હતા, તેઓ અત્યંત પ્રબંધ કુશળ અને દીર્ઘદષ્ટિવાળા હતા. તેઓએ સત્યના માર્ગે પોતાના ભાઈને સાથ આપ્યો અને જિહાદમાં પ્રવૃત્ત રહ્યા અને શહાદતનો દરજ્જો પ્રાપ્ત કર્યો. આપ ખુબ જ સફળતાથી પોતાની કસોટી ઉપર ખરા ઉતર્યા અને પોતાનું કર્તવ્ય બજાવી ગયા.”



# અલ્લાહને ઓળખનાર બાળક

એક વ્યક્તિએ પોતાના બાળકને કહ્યું : મારા પુત્ર ! ચાલો, કોઈના બગીચામાં જઈ ફળો ખાઈએ, આપણે બીમાર છીએ તેથી ફળ ખાવાથી શક્તિ પણ આવી જશે. બાળકને આ ગમ્યું નહીં કેમકે તે બીજાના બગીચામાંથી ફળ ચોરવાને બુરાઈનું કાર્ય ગણતો હતો. પરંતુ કેમકે તેના પિતાની આજ્ઞાથી વિરૂધ્ધ તે જઈ શકે તેમ નહોતો તેથી તે પોતાના પિતાની સાથે ચાલી નીકળ્યો અને પાસેના એક બગીચામાં ગયા. બાપે પોતાના દીકરાને કહ્યું : તું અહિંયા નીચે જ રોકાઈ જા, ચારે દિશામાં જોતો રહેજે, કોઈ આવતો જણાય તો મને જાણ કરી દેજે.

દીકરો નીચે ઉભો રહ્યો અને પિતા ફળ તોડવાં લાગ્યા. કેટલીક ક્ષણો પછી દીકરાએ પોતાના પિતાને કહ્યું : “પિતાજી! કોઈ આપણને જોઈ રહ્યું છે ! “બાપ તો સાંભળીને તરત જ ઝાડ ઉપરથી નીચે કુદી પડ્યો અને પુછ્યું : દીકરા તે કોણ છે ? અને ક્યાં છે ? ” દીકરાએ કહ્યું : “પિતાજી! તે ખુદા છે અને તે દરેક જગ્યાએ છે.” બાપ પોતાના દીકરાની બુધ્ધી-ચતુરાઈ સમજી ગયો અને લજ્જિત થઈ ગયો, તે પછી તેણે કદી ચોરી કરી નહીં.

(કિતાબ કુદફાન- પા.-૪૭)

એ કેટલું સારૂ થાય કે આપણે પણ આપણા બાળકોની શિખામણોમાંથી બોધપાઠ મેળવીએ કેમકે તેમનું મન પવિત્ર હોય છે, તે જગતની ગંદકીઓથી ખરડાએલાં નથી હોતાં અને તેમને હંમેશા પોતાનું સર્જન કરનાર અને પોતાને રોજી આપનાર પર ભરોસો હોય છે.





# હઝરત અલી અકબર અ.સ.

હઝરત અલી અકબર અ.સ. બિન અબી અબ્દુલ્લાહિલ હુસૈન અ.સ.નો જન્મ ૧૧ શાઅબાન સને ૪૩ હિજરીમાં મદીનામાં થયો હતો.

આપ ઈમામ હુસૈન અ.સ.ના વચેટ સુપુત્ર હતા.

આપના માતાનું નામ લયલા-બિન્તે-મર્રહ-બિન-ઉરવાહ-બિન-મસઉદ સકફી હતું.

આપનો સંબંધ અરબોના ત્રણ મહત્વના વંશોથી જોડાયેલો છે. એને કારણે જ મદીનાના કબીલાઓમાં આપ સૌથી વધુ આદરને પાત્ર ગણાતા હતા. અબુલ ફર્જ ઈસ્ફહાનીએ મુગીરાથી રિવાયત કરી છે કે : એક દિવસ મુઆવિયાએ પોતાના સાથીઓને પુછયું : તમારા લોકોની દૃષ્ટિએ ખિલાફત માટે સૌથી વધુ લાયક અને યોગ્ય કોણ છે ? તેના સાથીઓએ જવાબ આપ્યો "અમે તો આપની સિવાય બીજા કોઈને ખિલાફતને લાયક ગણતા નથી." મુઆવિયાએ કહ્યું : ના એવું નથી. બધા જ લોકોમાં ખિલાફતને લાયક અને યોગ્ય તો અલી અકબર અ.સ. છે કેમકે તેમના નાના રસૂલે ખુદા સ.અ.વ. છે અને તેમના મા બની હાશિમની શુરવીરતા – બની ઉમય્યાની દાનવીરતા અને સકીફનો ગર્વ ત્રણે એકત્ર થયેલા છે."

(એની સ્પષ્ટતા કરવાની જરૂર છે કે બની ઉમય્યા લોકો પાસેથી ઝુંટવી લીધેલ ધન દોલતને પોતાના મળતિયાઓને આપવાને દાનવીરતાનું નામ આપતા હતા.)



E-mail : hadimasik@yahoo.com

હઝરત અલી અકબર અ.સ.ના વ્યક્તિત્વ વિષે કહેવાય છે કે તેઓ ખુબ જ સુંદર–મધુરભાષી અને આકર્ષક હતા. આપના આચાર–વ્યવહાર–ઉઠવું–બેસવું – ચાલઢાલ બધુ જ પયગમ્બરે અકરમ સ.અ.વ.થી મળતુ આવતું હતુ. જેણે પયગમ્બરે અકરમ સ.અ.વ.ને જોયેલા હોય તેવો વ્યક્તિ દુરથી હઝરત અલી અકબરને જોતા તો તેને એમજ લાગતું કે પયગમ્બરે ઈસ્લામ સ.અ.વ. પોતે છે અને એવી જ રીતે શુરવીરતા આપને પોતાના દાદા અમીરૂલ મોઅમેનીન અલી અ.સ. પાસેથી વારસામાં મળી હતી. હઝરત અલી અ.સ. પોતાના દાદા ઈમામ અલી ઈબ્ને અલી તાલિબ અ.સ. અને પોતાના પિતા હઝરત ઈમામ હુસૈન અ.સ.ની છત્રછાયામાં મદીના અને કૂફામાં પ્રશિક્ષિત થઈને યુવાન થયા હતા. ઈમામ હુસૈન અ.સ.એ આપના પ્રશિક્ષણ–કુરઆન અને ઈસ્લામી વિદ્યાઓના શિક્ષણ અને રાજકીય અને સામાજિક બાબતોમાં આપને પારંગત બનાવવાની બાબતે ખુબ જ જહેમત ઉઠાવી હતી જેને પરિણામે હરકોઈ એટલે સુધી કે કટ્ટર શત્રુઓ પણ આપની પ્રશંસા કરવાથી પોતાની જાતને અટકાવી શકતા નહોતા. એ હકીકત છે કે હઝરત અલી અકબર અ.સ. એ કરબલામાં ખુબ જ અસરકારક ભાગ ભજવ્યો હતો અને દરેક પળે ઈમામ હુસૈન અ.સ.ની સાથે રહ્યાં અને શત્રુઓ સાથે અત્યંત વીરતાપૂર્વક લડ્યા હતા અને સને ૬૧ હિજરીમાં આશૂરાના દિવસે શહીદ થયા હતા.

ઈમામ હુસૈન અ.સ.ને આપની શહાદત વખતે ખુબ જ દુ:ખ થયું હતું અને જયારે યુવાન દીકરાના માથા પાસે પહોંચ્યા તો ફરમાવ્યું કે હે પુત્ર તારા મૃત્યુ પછી આ દુન્યાનું જીવન મારા માટે ધૂળધાણી થઈ ગયું છે.

હઝરત અલી અકબર અ.સ.ની વય કેટલાકે ૧૮ વરસ – કેટલાકે ૧૯ વરસ અને કેટલાંકે ૨૪ વરસ વર્ણવી છે.

(મુસ્તદરક – સફીનતુલબિહાર – અલીનમાઝી – ભાગ–૫ પા. ૩૮૮–મુન્તહીયુલ અમાલ ભા–૧ પા. ૩૭૩ – મકાતેલુત્તાલેબીન પા. ૫૩ – મુન્તહીયુલ અમાલ – શય્ખ અબ્બાસકુમ્મી – ભાગ–૧ પા. ૩૭૩ અને ૪૬૪)




E-mail : hadimasik@yahoo.com

# આર્ટ ગૅલેરી

## સૂરએ તબ્બત

બિસ્મિલ્લાહિર્રહમાનિર્રહીમ

## تبت

વહાલા બાળકો, અહીં આપેલ ચિત્રમાં કુરઆનનો સૂરો (સૂર:તબ્બત)ને ચિત્ર દ્વારા દર્શાવવામાં આવેલ છે, હવે તમે તેની અંદર સુંદર મજાના મનગમતા રંગ પૂરો, જેથી આખુ ચિત્ર ખૂબ જ સુંદર લાગશે.





تَبَّتْ يَدَآ أَبِي لَهَبٍ وَتَبَّ ①

તૂટી ગયા અબૂ લહબના હાથ અને
નિષ્ફળ થઈ ગયો તે.

مَآ أَغْنَىٰ عَنْهُ مَالُهُۥ وَمَا كَسَبَ ②

તેનું ધન અને જે કંઈ તેણે કમાવ્યું
તે તેના કોઈ કામ ન આવ્યું.



## سَيَصْلَىٰ نَارًا ذَاتَ لَهَبٍ ﴿٣﴾

ચોક્કસ તેને ભડકે
બળતી આગમાં
નાખવામાં આવશે





## وَامْرَأَتُهُ حَمَّالَةَ الْحَطَبِ ﴿٤﴾

અને (તેના સાથે) તેની પત્ની પણ,
લાકડા લડાવનાર,

## فِي جِيدِهَا حَبْلٌ مِّن مَّسَدٍ ﴿٥﴾

તેના ગળામાં મુંજનું
દોરડું હશે.





# મોતી જેવા દાંત

મોતી જેવા અને એકસમાન સફેદ દાંત હોય તો સૌને ગમે. હેં ને મિત્રો ! પણ એ માટે દાંતની યોગ્ય સંભાળ લેવી જરૂરી છે. તમે દરરોજ સવારે વહેલા ઊઠીને બ્રશ કરો પણ જો બ્રશ કરવાની સાચી રીત જ તમે જાણતા ના હો તો દાંતમાં સડો થાય. છેવટે દાંત નબળા પડે અને તૂટવા માંડે. આપણા શરીરમાં આંખ, કાન જેવા મહત્વપૂર્ણ અંગની જેમ દાંતનું પણ એટલું જ મહત્વ છે...

દોસ્તો, આપણને કંઈ પણ ખાવાની ઈચ્છા થાય તો તે માટે સૌ પ્રથમ તો દાંતની જરૂર પડે. એમાંય જે વસ્તુ દાંતથી તોડીને ખાવાની હોય અને જો દાંતમાં સડો હોય તો ભાવતી વસ્તુ ખાવાનો આનંદ પણ ન લઈ શકાય. એટલા માટે જ સ્વસ્થ અને મજબૂત દાંત હોય તો ગમે તેવો ખોરાક ખાવાની મજા પડી જાય, સાચી વાત ને ? તો પછી આવા મજબૂત અને એકદમ ચોખ્ખા દાંત રાખવા હોય તો પહેલાં તો તમારે બ્રશ કરવાની સાચી રીત સમજવી પડશે. સાથે વિટામીન અને ખનિજતત્વથી ભરપૂર ખોરાક ખાશો તો તમારા દાંત પણ મોતી જેવા ચમકશે.

- સામાન્ય રીતે માણસને ૩૨ દાંત હોય છે. તેમાંથી ૮ ઈનસિઝર, ૪ કેનાઈન, ૮ પ્રીમોલર અને ૧૨ મોલર હોય છે. સ્થાયી દાંતને યોગ્ય જગ્યાએ ગોઠવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

- સાવ નાના બાળકોને દૂધિયા દાંત હોય છે. પાંચ વર્ષ ની ઉંમર થતાં દૂધિયા દાંત પડી જાય છે અને નવા દાંત ફૂટે છે.





- દાંતની યોગ્ય સંભાળ લેવી જોઈએ. જો દાંત જ ના રહે તો ખોરાક કેવી રીતે ખાઈ શકાય ? તેથી મજબૂત અને સ્વસ્થ દાંત બનાવવા માટે વિટામિન અને ખનિજતત્વથી ભરપૂર ખોરાક ખાવો જોઈએ. દૂધ, દહીં, માખણ જેવા પદાર્થોમાંથી ભરપૂર માત્રામાં વિટામિન અને કેલ્શિયમ મળે છે. એવી જ રીતે તાજાં ફળ અને લીલાં શાકભાજી ખાવાથી પણ દાંત મજબૂત બને છે.

- ખોરાકમાં વિટામીન અને ખનિજતત્વની ઊણપ હોય તો દાંત નબળા પડી જાય છે. પછી તેમાં સડો થઈ જાય. છેવટે ધીરે ધીરે બધા દાંત સડી જાય છે અને એક પછી એક પડવા માંડે છે.





## દાંતણ કરવાની રીત :

- ટૂથબ્રશથી સૌ પ્રથમ દાંતમાં બહારના ભાગ ઉપર બ્રશ કરો. ધીરે ધીરે દાંત અને પેઢા ઉપર બ્રશ ગોળ ગોળ ફેરવો. આવું બધા દાંત ઉપર કરો.

- ચાવવાવાળા ભાગને સાફ કરવા માટે બ્રશને આગળ પાછળ ફેરવો, એટલેકે મોઢાની અંદર ઉપર તરફ અને નીચેની તરફ દાંત ઉપર ધીરે ધીરે બ્રશ ફેરવો.

- હવે દરેક દાંતમાં અંદરના ભાગે બ્રશ ફેરવીને સાફ કરતા જાઓ.

## દાંતના પ્રકાર :

(૧) ઈનસિઝર : ખોરાકના નાના-નાના ટુકડા કરવા માટે

(૨) કેનાઈન : ખોરાક તોડવા માટે.

(૩) પ્રીમોલર : ખોરાકનો ભુક્કો કરવા માટે.

(૪) મોલર : ખોરાકનો બારીક ભુક્કો કરવા માટે કે જેથી સરળતાથી પાચન થઈ શકે.






# મુહમ્મદ સ.અ.વ.ની વાણીમાં

# ઈમામ મહદી – અજ.

ઈમામે ઝમાના હઝરત ઈમામ મહદી અ.સ. ઈસ્મતે મોહમ્મદીયાના સિલસિલાની ચઉદમી અને અલવી ઈમામતની સાંકળની બારમી કડી છે. આપના મહાન પિતા હઝરત ઈમામ હસન અસ્કરી અ.સ. અને મહાન માતા નરજિસ ખાતૂન હતા.

આપ પોતાના વડવાઓ (બાપ-દાદા)ની જેમ મનસૂસ ઈમામ - માઅસૂમ - અઅલમે ઝમાના - કાએનાતમાં સર્વશ્રેષ્ઠ છે. અને આપ બાળપણથી જ જ્ઞાન અને વિદ્યા ચાતુર્યથી સર્વગુણ સંપન્ન હતા. (સવાએકે-મોહર્રેકા-૨૪૧)

આપને બાળપણથી જ વિદ્યા અને જ્ઞાન આપી દેવામાં આવ્યું હતું, જેવી રીતે હઝરત યાહયાને મળ્યું હતું અને આપને માતાના ઉદરમાં જ ઈમામ બનાવી દેવામાં આવ્યા હતા, જેવી રીતે હઝરત ઈસા અ.સ.ને નબી બનાવી દેવામાં આવ્યા હતા. (કશ્ફુલ-ગમ્મા-પા ૧૩૦)

આપ નબીયોથી ઉત્તમ હતા (અસઆફર-રાગેબીન-પા. ૧૨૮)



# સૈયદા ફાતેમા ઝહરા (સ.અ.)ના અણમોલ વચનો



- જેણે પોતાની જિંદગી એવા કામોમાં વીતાવી કે જે ખુદાતઆલાથી દૂર થવાના કારણ સમા હોય, તો એણે પોતાનું નુકસાન કર્યું.
- કપડાં ધોવાથી ગમ અને ગુસ્સાનું નિવારણ થાય છે.
- કનાઅત (ઓછામાં સંતોષ પામવું ) અને અલ્લાહની આજ્ઞાઓનું પાલન, સન્માન અને સમૃદ્ધિનું કારણ છે અને ગુનો તથા લોભ બદનસીબીનાં ચિન્હો છે.
- ઇમાન અને હયા (લાજ) એકમેકના સાથી છે, એમાંથી કોઇ એક જતું રહશે તો બીજાનું અસ્તિત્વ નહિ રહે.
- જે સ્ત્રી પોતાના પતિને આકરા અને મુશ્કેલ કામો માટે મજબૂર ન કરે તે જન્નતી છે અને ખુદા એનાથી રાજી છે.
- જે સ્ત્રી અકારણે પોતાના પતિ પાસે તલાક માગે તેને માટે જન્નતની સુંગંધ પણ હરામ છે.
- કેટલા બદનસીબ છે એ લોકો કે જેમનામાં દ્રઢ નિર્ધાર ન હોય અને અગત્યના કામો મજાકમાં ટાળે.
- પત્ની જ્યાં સુધી પોતાના પતિનો હક્ક અદા ન કરે, જાણે કે એણે અલ્લાહ તઆલાનો હક્ક અદા કર્યો નથી.
- પતિને ઇજા પહોંચાડનારી સ્ત્રીના સુકર્મો પણ અલ્લાહ તઆલા નહિ સ્વીકારે.
- નિયમિત નમાઝ પઢનારી, પતિની રજા વગર ઘરમાંથી બહાર પગ ન મૂકનારી અને પતિની આજ્ઞાપાલક સ્ત્રીના ગુનાહો ખુદાવન્દે આલમ માફ કરી દેશે.
- વાસણોની સ્વચ્છતા અને પવિત્રતા સમૃદ્ધિ અને નેઅમતોની  વૃદ્ધિનું કારણ છે.
- મનની પવિત્રતા માટે ઝકાત વાજિબ થઇ અને ખિલાસતાની દ્રઢતા માટે રોઝો વાજિબ થયો.
- દયાભાવ ઉંમરમાં વૃદ્ધિનું કારણ છે.
- જે સબ્ર કરે છે એને પૂરેપૂરો સવાબ મળે છે.

# પત્રાવલી

**વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

## સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !



**મિઠવાણી સજ્જાદ રઝા**
સુલેમાન ખાકુ પાર્ક સો., રાજુલા.



**નકવી અલીનવાજ, નકવી સરફરાજ, નકવી અનવર**
સાદાત કોલોની, રહેમત પાર્ક, મહુવા.



**મરચન્ટ મિસમરઝા એમ.**
ધાવડી ચોક, શાહે નજફ પાસે, મહુવા.



**મુસ્કાન તુરાબઅલી જીવાણી**
વહોરાવાડ, મસ્જીદની પાસે, રાજુલા.







# જાણવા જેવું

## સૌથી નાની ચકલી

જગતની સૌથી નાની ચકલીનું નામ હમીંગબર્ડ છે. આ ચકલીનું પ્રાણીશાસ્ત્રીય નામ Melliage helenge રાખવામાં આવ્યું છે. આ ચકલી ફક્ત ક્યુબા અને તેની પાસે આવેલા "યુથ" નામના ટાપુમાં જ જોવા મળે છે. નર હમીંગબર્ડની લંબાઈ સંપૂર્ણ ૨.૨૪" ઈંચ હોય છે અને તેની કુલ લંબાઈની અડધી લંબાઈ તો ફક્ત તેની ચાંચ અને પુંછડીની હોય છે. આ સૌથી નાની ચકલીનું વજન ૧.૬ ગ્રામ હોય છે. આ પ્રજાતિની માદા ચકલીઓ નર ચકલીઓથી નામ માત્ર મોટી હોય છે. બધાંજ પક્ષીઓમાં આ પ્રજાતિની હમીંગબર્ડ ચકલીઓ સૌથી વધુ ઝડપથી પોતાની પાંખો ફફડાવી શકે છે. મુલાકાતના સમયે પન્નાના જેવા રંગના વર્તુળવાળી હમીંગબર્ડ પ્રજાતિની આ ચકલીઓ એક સેકન્ડમાં બસ્સો વખત પોતાની પાંખો ફફડાવી શકે છે જ્યારે સામાન્ય પરિસ્થિતિમાં આ જાતિની અન્ય હમીંગબર્ડ ચકલીઓની પાંખો ફફડાવવાની ગતિ એક સેકન્ડમાં ૯૦ વખતની હોય છે.




### "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | (૧) અબ્બાસભાઈ મિઠાણી એગ્ઝ માર્ટ ફોન : ૯૮૨૪૪ ૯૬૯૪૨ |
| | | (૨) ભંભેરા મોહમ્મદ હુસૈન જાફરઅલી ફોન : ૯૪૨૮૧૨૩૨૩૩ |
| કાણોદર | : | નૌશાદભાઈ,જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| ભરૂચ | : | જાવેદભાઈ ડોસાણી |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | કમરઅલીભાઈ મોમીન |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| તળાજા | : | મોહસીન અલી જી.ભૂરાણી ફોન : ૯૯૧૩૬૦૭૧૧૦ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| સિહોર | : | હસનઅલી વજીરઅલી વસાયા ફોન : ૯૮૭૯૯૬૯૮૬૮ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પ્રમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨

**નોંધ :** સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.



# HADI MASIK

: Publishers :

**Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)**

Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.
Ph. : 079 - 25892786, +91-94266 78614, +91-94266 78612

**E-mail : hadimasik@yahoo.com**

**Website : www.hadikids.org**

*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*

